eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION

Issue 231
June 04, 2010

## નોર્થ ઝોન(કતારગામ) ની કામગીરી

નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં, તા. ૨૯/૦૫/૨૦૧૦ નાં રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## પૂર્વ ઝોન(વરાછા) ની કામગીરી

પૂર્વ(વરાછા)ઝોનમાં સમાવિષ્ટ ટી.પી.સ્કીમ નં.૮ (ઉમરવાડા) બોમ્બે માર્કેટની પાસે આવેલ તેમજ બોમ્બે માર્કેટથી પૂણા તરફ જતાં ખુબ જ મહત્વના ૨૪.૩૮ મીટર પહોળાઈનાં ટી.પી.રસ્તાની અસરમાં આવેલ મહારાણા પ્રતાપનગર ઝુંપડપટ્ટીનું આજ રોજ ડીમોલીશન કરવામાં આવેલ ...

વધુ માટે કલીક કરો >>>>>>

## તાપી શુધ્ધિકરણ અભિયાન



સુરત મહાનગરપાલિકા શહેરીજનો તથા સ્થાનિક સેવાભાવી સંસ્થાઓના સહયોગથી પર્યાવરણ જાળવણી, આરોગ્યલક્ષી કામગીરી તેમજ તેવી અન્ય કામગીરી અંગે ઝુંબેશ ઉપાડી સમયાંતરે વિવિધ કાર્યક્રમો હાથ ધરે છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા ધ્વારા તા.૨૯/૦૫/૨૦૧૦ને શનિવારના રોજ સવારે ૧૦.૩૦ કલાકે ગાંધી સ્મૃતિભવન ખાતે વાવાઝોડાં, ભારે વરસાદ, પુર અને અન્ય કુદરતી તેમજ માનવસર્જિત આપત્તિજનક પરિસ્થિતિ સર્જાય ત્યારે જરૂરી સેવા/સહાય મળી રહી રહે તે માટેની વ્યવસ્થા કરવા અંગેની મીટીંગ



સુરત મહાનગરપાલિકા ધ્વારા વાવાઝોડાં, ભારે વરસાદ, પુર અને અન્ય કુદરતી તેમજ માનવસર્જિત આપત્તિજનક પરિસ્થિતિ સર્જાય તેવા સમયે સેવા/સહાય કાર્યમાં સહભાગી થવા ઈચ્છુક સ્વૈચ્છિક સંસ્થાઓ કયા વિસ્તારમાં, કયા પ્રકારની, કેટલાં પ્રમાણમાં સેવા/સહાય પુરી પાડશે તે સુનિશ્ચિત કરી તેની પરસ્પર જાણકારી ઉપલબ્ધ થાય તે હેતુસર તા.૨૯/૦૫/૨૦૧૦ને શનિવારના રોજ સવારે ૧૦.૩૦ કલાકે ગાંધી સ્મૃતિભવન ખાતે રાખવામાં આવેલ મીટીંગના આરંભે ડે.કમિશનરશ્રી પી.જે.ઝાલા તરફથી ઉપસ્થિત તમામનું સ્વાગત કરી મીટીંગના આયોજનના હેતુની રૂપરેખા આપવામાં આવી ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સરકાર માન્ય રોજગારલક્ષી સેનીટરી ઈન્સ્પેકટર ડિપ્લોમા કોર્સમાં પ્રવેશ મેળવો

ઓલ ઈન્ડિયા ઈન્સ્ટીટયુટ ઓફ લોકલ સેલ્ફ ગર્વમેન્ટના સુરત કેન્દ્ર તરફથી ચાલુ વર્ષે મે–૨૦૧૦ થી સેનીટરી ઈન્સ્પેકટર ડિપ્લોમાનો કોર્સ શરૂ થાય છે. જેમાં ધોરણ ૧૦ મું અંગ્રેજી વિષય સાથે પાસ/નોન સાયન્સ અંડર ગ્રેજયુએટસ માટે ૧૮ મહિના તથા ૧૨ સાયન્સ પાસ/સાયન્સ અંડર ગ્રેજયુએટસ /ગ્રેજયુએટસ કોઈ પણ સ્ટ્રીમના/એન્જીનિયરીંગ ડિપ્લોમાં ધારકો માટે એક વર્ષનો છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

# નોર્થ ઝોન(કતારગામ) ની કામગીરી

નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં, તા. ૨૯/૦૫/૨૦૧૦ નાં રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

ફાઈનલ ટી.પી.સ્કીમ નં.૧ (લાલદરવાજા) માં આવેલા લાલ દરવાજા જંકશનથી નોર્થઝોન (કતારગામ) કચેરી તરફ જતાં ૧૫૦ ફુટ પહોળા રીંગરોડવાળા રસ્તા પૈકીમાં નડતરરૂપ પટેલવાડી નં. ૧, ૨ અને ૩ ઝુંપડપટ્ટીના ઝુંપડાઓ પૈકી ૬૦ ઝુંપડાઓને મોજે કોસાડ ખાતેના સુરત મહાનગરપાલિકાના ઈ.ડબલ્યુ.એસ. આવાસોમાં વૈકલ્પિક જગ્યા આપી સ્થળાંતર કરવામાં આવેલ છે અને ૧૪ જેટલી દુકાનો દુર કરવામાં આવેલ છે.

TOP

## પૂર્વ ઝોન(વરાછા) ની કામગીરી

પૂર્વ(વરાછા)ઝોનમાં સમાવિષ્ટ ટી.પી.સ્કીમ નં.૮ (ઉમરવાડા) બોમ્બે માર્કેટની પાસે આવેલ તેમજ બોમ્બે માર્કેટથી પૂણા તરફ જતાં ખુબ જ મહત્વના ૨૪.૩૮ મીટર પહોળાઈનાં ટી.પી.રસ્તાની અસરમાં આવેલ મહારાણા પ્રતાપનગર ઝુંપડપટ્ટીનું આજ રોજ ડીમોલીશન કરવામાં આવેલ. કુલ્લે ૧૩૩ જેટલા ઝુંપડાઓ સ્થળ પરથી દુર કરવામાં આવ્યાં છે અને ૧૮૦ મી.ની લંબાઈમાં ટી.પી.રસ્તાને ખુલ્લો કરવામાં આવેલ છે. આમ, કુલ્લે ૧૬૨૦.૦૦ ચો.મી. રસ્તાનો શાંત, ખુલ્લો, પ્રત્યક્ષ કબજો મેળવવામાં આવેલ છે. વર્ષોથી થયેલ બોટલનેક તેમજ જંકશનને લીધે વર્ષોથી ઉદભવતી ટ્રાફિકની સમસ્યાનો હવે અંત આવશે. ટૂંક સમયમાં રસ્તાનું કામ પણ પૂર્ણ કરવામાં આવશે.

આ સમગ્ર કામગીરી પૂર્વ(વરાછા)ઝોન અને સેન્ટ્રલઝોનના દબાણ સ્ટાફ તેમજ અત્રેના ઈજનેરી સ્ટાફનાં સંકલન–સહયોગથી પાર પાડવામાં આવેલ છે. આ કામગીરીમાં ૦૨– જે.સી.બી.મશીન, ૦૧– વ્હીલ ડોઝર, તેમજ ૦૭–ડમ્પર/મઝદાનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

TOP

## તાપી શુધ્ધિકરણ અભિયાન



સુરત મહાનગરપાલિકા શહેરીજનો તથા સ્થાનિક સેવાભાવી સંસ્થાઓના સહયોગથી પર્યાવરણ જાળવણી, આરોગ્યલક્ષી કામગીરી તેમજ તેવી અન્ય કામગીરી અંગે ઝુંબેશ ઉપાડી સમયાંતરે વિવિધ કાર્યક્રમો હાથ ધરે છે. આજ પ્રકારે તાપી નદીના શુધ્ધિકરણ અંગેનો ખાસ કાર્યક્રમ હાથ ધરવાનું આયોજન થઈ રહેલ છે. જે માટે ચોકકસ એકશન નકકી કરવા માટે આજ રોજ સાંજે ૪.૦૦ કલાકે મા.મેયરશ્રીની અધ્યક્ષતામાં શહેરની સ્વૈચ્છિક સંસ્થાઓના હોદ્દેદારો તથા મહાનગરપાલિકાના પદાધિકારીઓ / અધિકારીઓ સાથે એક મીટીંગ રાખવામાં આવેલ હતી. જે મીટીંગમાં નીચે જણાવ્યા મુજબની સ્વૈચ્છિક સંસ્થાઓના પ્રતિનિધિઓ હાજર રહયા હતા.

| અ.નં. | સંસ્થાનું નામ | પ્રતિનિધિનું નામ |
|---|---|---|
| ૧ | બીગ ૯૨.૭ એફ.એમ | ૧. દેવાંગ રાવલ<br>૨. તપન મહાદેવીયા |
| ૨ | શ્રી સાંઈ શ્રધ્ધા ચેરીટેબલ ટ્રસ્ટ | વિપુલ સી. પટેલ |
| ૩ | સુરત ડાયમંડ એસોસીયેશન | દિનેશ આર. નાવડીયા |
| ૪ | નેચર કલબ સુરત | વિરલ આર. પ્રજાપતિ |
| ૫ | ડિસ્ટ્રીકટ કોમ્યુનીટી સાયન્સ સેન્ટર | જી.એન. કાકડિયા |
| ૬ | પ્રયાસ ટીમ | દર્શન દેસાઈ |
| ૭ | ધી સર્ધન ગુજરાત ચેમ્બર્સ ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ | નિલેશ માંડલેવાલા |
| ૮ | ટાઈફેક | નિમેષ વશી |
| ૯ | સ્વનિર્ભર શાળા સંચાલક મંડળ | જયસુખ કથીરિયા |
| ૧૦ | આઈ.આઈ.ડી. સુરત | મનિષ ચેવલી |
| ૧૧ | ગાયત્રી પરિવાર ટ્રસ્ટ | ૧. જતીનભાઈ રાંદેરીયા<br>૨. વિપુલભાઈ ટેલર<br>૩. મધુસુદન મહેતા |
| ૧૨ | સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજ | કાનજીભાઈ ભાલાળા |
| ૧૩ | અડાજણ યુવક મંડળ | પ્રવિણભાઈ પટેલ |
| ૧૪ | માનવ સેવા સમિતિ અને સુરત વિવિધ વેપારી મહામંડળ | જયલાલ |
| ૧૫ | ઉમિયા પરિવાર ટ્રસ્ટ | આત્મારામ પટેલ |
| ૧૬ | મહાદેવ ન્યુઝ ચેનલ | કલ્પેશભાઈ કસવાલા |
| ૧૭ | યંગસ્ટાર ગ્રુપ | પંકજ સોની |

મીટીંગની શરૂઆતમાં મા. કમિશ્નરશ્રી તરફથી હાજર રહેલ ઉપરોકત સંસ્થાના પ્રતિનિધિઓને આવકાર આપવામાં આવ્યો હતો. તાપી નદીની અગત્યતા વિશે સમજણ આપી નદીમાં પ્રદુષણ થવાના કારણની તથા મહાનગરપાલિકાએ તાપી શુધ્ધિકરણ માટે લીધેલ પગલાની તેમજ તાપી નદી શુધ્ધિકરણ કાર્યક્રમની જાણકારી આપવામાં આવી હતી. તાપી નદી શુધ્ધિકરણ કાર્યક્રમ માટે આગામી જુન માસમાં તા.૬/૦૬/૨૦૧૦થી તા. ૨૭/૦૬/૨૦૧૦ દરમ્યાન દર રવિવારે સવારે ૮.૦૦ થી ૧૧.૦૦ કલાક દરમ્યાન સ્વૈચ્છિક સંસ્થાઓના સહયોગથી એક જનજાગૃતિ અભિયાન તાપી નદી પરના વિવિધ ઓવારાઓ ઉપર રાખવામાં આવનાર હોવાની જાણકારી આપી હતી. તાપી નદી શુધ્ધિકરણ કાર્યક્રમ એક ઐતિહાસિક કાર્યક્રમ બને તે પ્રકારનું આયોજન કરવા જણાવ્યું હતું.

તાપી નદી શુધ્ધિકરણ કાર્યક્રમમાં સુરત શહેરની સ્થાનિક રેડીયો ચેનલ બીગ ૯૨.૭ એફ.એમ. ધ્વારા પણ સહયોગ આપવામાં આવેલ છે. જેના ભાગરૂપે રેડીયો ચેનલ ધ્વારા તાપી નદી શુધ્ધિકરણ અભિયાન હાથ ધરી રેડીયો માધ્યમ ધ્વારા જાહેર જનતામાં જાણકારી આપવા વિવિધ કાર્યક્રમો કરવામાં આવેલ હોવાનું જણાવવામાં આવેલ છે. આ કાર્યક્રમ હેઠળ તાપી નદીમાં પ્રદુષિત કરતા પદાર્થો, દુષિત પાણી, પુજા સામાન વિગેરે નદીમાં ન ફેંકવા તેઓના માધ્યમ ધ્વારા જાહેર જનતાને અપીલ કરવામાં આવનાર છે. તદઉપરાંત રેડિયો ચેનલ બીગ એફ.એમ. ધ્વારા જાહેર જનતાને સાથે રાખી તાપી શુધ્ધિકરણ અંગે નીચે મુજબના ખાસ કાર્યક્રમ પણ જૂન મહિનાના ૪ (ચાર) રવિવારના રોજ રાખવામાં આવનાર છે.

Continue …

**રેડીયો ચેનલના કાર્યક્રમો :–**

(૧) રેડીયો ચેનલ પરથી ધાર્મિક આગેવાનો તાપી નદીમાં ફૂલો કે બીજો પૂજાનો સામાન ન ફેંકવા અપીલ કરશે.

(૨) શહેરના વિવિધ ઓવારા જેવા કે નાવડી ઓવારો, ડબકા ઓવારો, અશ્વનિકુમાર ઓવારો, જહાંગીરપુરા સ્મશાન ઓવારો, ઉમરા ઓવારો તથા અન્ય ઓવારા ઉપર બીન ગોઠવી લોકોને કચરો તથા પૂજાનો સામાન તેમાં નાંખવા વિનંતી કરાશે.

(૩) રેડીયો ચેનલ ધ્વારા તાપી શુધ્ધિકરણ અંગેના પ્રોમો તથા કેપ્સુલ દરરોજની ૫(પાંચ) એમ કુલ ૨૫ દિવસ સુધી પ્રસારિત કરવામાં આવશે.

(૪) રેડીયો જોકી સાથેની વાન શહેરના જુદા જુદા વિસ્તારોમાં ૧૦ (દશ) દિવસ સુધી ફરી કાર્યક્રમનો પ્રચાર / પ્રસાર કરશે.

(૫) ''તાપી અમારી મા છે અને અમે એની રક્ષા કરીશું'' એવા સંકલ્પવાળા કેન્વાસ શહેરના ૫(પાંચ) મુખ્ય ઓવારા તથા પીપલોદ રોડ, સ્ટેશન રોડ, મજૂરા ગેટ સર્કલ તથા અન્ય સ્થળે લગાડી જેના પર સહી કરવા માટે લોકોને આમંત્રિત કરવામાં આવશે.

(૬) મહાનગરપાલિકાના પદાધિકારીઓ / અધિકારીઓની મુલાકાત તેઓની રેડીયો ચેનલ પર પ્રસારીત કરવામાં આવશે.

તાપી નદી શુધ્ધિકરણ અભિયાન અંતર્ગત જુન માસમાં ૪(ચાર) રવિવારના રોજ જનભાગીદારી સાથે જુદા જુદા ઓવારા/કિનારાઓ ઉપર સ્વૈચ્છિક સંસ્થાઓએ સાફ–સફાઈની કામગીરી હાથ ધરવા સ્વૈચ્છાએ જવાબદારી સ્વીકારી હતી.

આ સમય દરમ્યાન પ્રજામાં અવેરનેશ કેળવવા ખાસ પ્રચાર હાથ ધરવામાં આવશે જેમાં

- શહેરના મુખ્ય સ્થાનો પર તાપી નદી શુધ્ધિકરણ અંગેના હોડીંગ્સ / બેનર / પ્રેસમાં જાહેરાત કરવામાં આવશે.
- મુખ્ય ઓવારા / બ્રીજ ઉપર બેનર પોસ્ટરથી જનજાગૃતિ અભિયાન ઉપાડવામાં આવશે.
- શાળા કોલેજ વેકેશન બાદ ફરી શરૂ થયા બાદ વિદ્યાર્થીઓ માટે આ વિષય પર પેઈન્ટીંગ / વકૃત્વ સ્પર્ધા યોજવામાં આવશે.

મીટીંગ દરમ્યાન સ્વૈચ્છિક સંસ્થાઓ તરફથી કાર્યક્રમને સફળ બનાવવા માટે નદીકિનારે સી.સી.ટીવી કેમેરા મુકાવા, શાળા સંચાલકોની મીટીંગ મારફત અભિયાન હાથ ધરવું, બાળકો ધ્વારા જનજાગૃતિ બેનર લગાવવા,સંકલ્પ પત્ર તૈયાર કરવું, મોબાઈલ ધ્વારા કોમન મેસેજ પહોંચાડવો, ધાર્મિક સંસ્થાના વડાઓને સામેલ કરી પદયાત્રાનું આયોજન કરવું વિગેરે પ્રકારના સુચનો થયા હતા.

શાસક પક્ષના નેતાશ્રી તરફથી હાજર રહેલ પ્રતિનિધિઓનો આભાર માની તાપી શુધ્ધિકરણ અભિયાન લોકોના માનસ સુધી પહોંચાડવા જણાવ્યું હતું.

વિપક્ષના નેતાશ્રીએ પણ આ અભિયાનને આવકારઆપી જનજાગૃતિ કેળવવા સહકાર આપવા જણાવ્યું હતું.

અંતમાં મા.મેયરશ્રીએ તાપી નદી શુધ્ધિકરણ માટે મહાનગરપાલિકાએ તમામ પ્રયત્નો કર્યા છે પરંતુ આ બાબતે લોકોને તાપી નદી પ્રત્યે તેમની લાગણી સમજી જાગૃત કરવા સુચન કરી હાજર રહેલ સંસ્થાઓની આ કાર્યક્રમ પ્રત્યેની કટિબધ્ધતાથી આનંદની લાગણી અનુભવી હતી.

મા. કમિશનરશ્રીએ હાજર રહેલ તમામ સંસ્થાઓ તથા પ્રતિનિધિઓનો આભાર માન્યો હતો.

આ બેઠકમાં ડે.મેયરશ્રી કિશોરભાઈ કાનાણી, સ્થાયી સમિતિ ચેરમેનશ્રી મુકેશભાઈ દલાલ, મહાનગરપાલિકાના વિભાગીય વડાઓ, કાર્યપાલક ઈજનેરો, ઝોનલ ઓફિસરો અને આ કામગીરી સાથે સંકળાયેલ અન્ય અધિકારી/કર્મચારીઓ હાજર રહયા હતા.

TOP

## સુરત મહાનગરપાલિકા ધ્વારા તા.૨૯/૦૫/૨૦૧૦ને શનિવારના રોજ સવારે ૧૦.૩૦ કલાકે ગાંધી સ્મૃતિભવન ખાતે વાવાઝોડાં, ભારે વરસાદ, પુર અને અન્ય કુદરતી તેમજ માનવસર્જિત આપત્તિજનક પરિસ્થિતિ સર્જાય ત્યારે જરૂરી સેવા/સહાય મળી રહી રહે તે માટેની વ્યવસ્થા કરવા અંગેની મીટીંગ



સુરત મહાનગરપાલિકા ધ્વારા વાવાઝોડાં, ભારે વરસાદ, પુર અને અન્ય કુદરતી તેમજ માનવસર્જિત આપત્તિજનક પરિસ્થિતિ સર્જાય તેવા સમયે સેવા/સહાય કાર્યમાં સહભાગી થવા ઈચ્છુક સ્વૈચ્છિક સંસ્થાઓ કયા વિસ્તારમાં, કયા પ્રકારની, કેટલાં પ્રમાણમાં સેવા/સહાય પુરી પાડશે તે સુનિશ્ચિત કરી તેની પરસ્પર જાણકારી ઉપલબ્ધ થાય તે હેતુસર તા.૨૯/૦૫/૨૦૧૦ને શનિવારના રોજ સવારે ૧૦.૩૦ કલાકે ગાંધી સ્મૃતિભવન ખાતે રાખવામાં આવેલ મીટીંગના આરંભે ડે.કમિશ્નરશ્રી પી.જે.ઝાલા તરફથી ઉપસ્થિત તમામનું સ્વાગત કરી મીટીંગના આયોજનના હેતુની રૂપરેખા આપવામાં આવી અને વર્ષ – ૨૦૦૬માં શહેરમાં પૂરની ઉદભવેલ પરિસ્થિતિ અંગે જરૂરી સહકાર/સરાહનીય કામગીરી કરવા બદલ તમામ સ્વૈચ્છિક સંસ્થાનો આભાર વ્યકત કરવામાં આવ્યો.

ત્યારબાદ એડી.સીટી.ઈજનેરશ્રી જે.એસ.શાહએ શહેરમાં નદીપુર, ખાડીપુર તથા ભારે વરસાદની પરિસ્થિતિમાં પાણીનો ભરાવો ન થાય તથા તેવી પરિસ્થિતિને પહોંચી વળવા માટે મહાનગરપાલિકા ધ્વારા કરવામાં આવેલ પુર્વ તૈયારી, "ડીઝાસ્ટર મેનેજમેન્ટ પ્રિપેર્ડશન પ્લાન" ની વિગતો તથા અધિકારી/કર્મચારીઓ પૈકી કોણ, કયાં શું કામગીરી કરશે તેની નિશ્ચિત કરવામાં આવેલ વિગતો, ફલ્ડગેટો, વાહન મશીનરીઓ, જનરેટર સેટ વિગેરેનાં સર્વિસીંગ/મેઈન્ટેનન્સ તથા ઓપરેશનની કામગીરી, જરૂરી મટીરીયલનો સ્ટોક, ઝોન કક્ષાએ ઈલેકશન વોર્ડવાર તૈયાર કરવામાં આવેલ ડીઝાસ્ટર મેનેજમેન્ટ પ્લાન તથા તે અંગે મ્યુનિ. સભ્યશ્રી, પદાધિકારીશ્રીઓ, મહાનગરપાલિકાના સ્ટાફ, વોલન્ટીયર્સ, યુ.સી.ડી., આંગણવાડીના કાર્યકરો વિગેરેને આપવામાં આવેલ જાણકારી/તાલીમ ઉપરાંત નીચાણવાળા વિસ્તાર, રાહત કેન્દ્ર વધારાની જરૂરીયાત તેમજ હેવી વ્હીકલ/મશીનરી પુરી પાડનાર સંસ્થાની યાદી તૈયાર કરવા સહીત કરવામાં આવેલ વિવિધ કામગીરીનું સચિત્ર નિર્દેશન કરવામાં આવ્યું.

પ્રેઝન્ટેશન પુર્ણ થયે ઉપસ્થિત સ્વૈચ્છિક સંસ્થાના હોદેદારો તથા મ્યુ. સભ્યોશ્રી પૈકી સેવાસેતુ ટ્રસ્ટના શ્રી ભરતભાઈ શાહ, સૌરાષ્ટ્ર પટેલ સેવા ટ્રસ્ટના શ્રી દેવચંદભાઈ કાકડિયા, અંજની ફાઉન્ડેશનના શ્રી ચેતનભાઈ શાહ, મધર ટ્રસ્ટના શ્રી વિલ્સન પરમાર, ગુજરાત ગેસ કંપની તથા ટોરેન્ટ પાવર લિ. નાં પ્રતિનિધિઓ, મ્યનિ. સભ્ય અને લાઈટ એન્ડ ફાયર(એક્ટી) સમિતિના અધ્યક્ષ શ્રી વજુભાઈ સુહાગીયા ધ્વારા આવકારદાયક સૂચનો તથા સેવા/સહાય માટે તત્પરતા દર્શાવવામાં આવી હતી.

ત્યારબાદ મે.કમિશનરશ્રી તરફથી ચોથી વાર બેઠક થાય છે, પરંતુ તે ઔપચારિકતા જ ન ગણતાં તેના હાર્દની અગત્યતા સમજાવતા "ઘોડાના પગમાં નાળના અભાવે રાજાએ રાજ ગુમાવવું પડે" તે ઉકિત ટાંકી આયોજન અને પૂર્વ તૈયારીની બાબતને મહત્વ આપવા જણાવી સ્વૈચ્છિક સંસ્થાઓને પણ પોતાના સભ્યો સાથે બેઠક યોજવા, વિષયવાર ઈન્ચાર્જની નિમણુંક કરી સુરત મહાનગરપાલિકાનાં અધિકારીઓ સાથે સંકલન કરવા તેમજ સહાય/સેવાની જરૂરિયાત પ્રમાણે ગોડાઉન મેનેજમેન્ટ/વિતરણ વ્યવસ્થા ગોઠવવા માટે સહકાર માટે અપીલ કરવામાં આવી.

વર્ષ–૨૦૦૬ માં પૂરની વિકટ પરિસ્થિત વખતે થયેલ અનુભવોના આધારે વોર્ડના મ્યુનિ. સભ્યશ્રીઓએ પોતાના સુચનો ઝોન કચેરીમાં આપવા જણાવવામાં આવ્યું.

મા.મેયરશ્રી રણજીતભાઈ ગીલીટવાલા ધ્વારા મીટીંગમાં મોટી સંખ્યામાં હાજર રહેલ સ્વૈચ્છિક સંસ્થાઓના પ્રતિનિધિઓનો આભાર વ્યકત કરવામાં આવ્યો અને ભવિષ્યમાં સુરત શહેરમાં પૂર જેવી પરિસ્થિતિ ઉદભવે નહી તેવી પ્રભુ પ્રાર્થના સાથે સુરત મ્યુનિસિપલ કોર્પોરેશન, સુરત પીપલ્સ કોર્પોરેશન બને તેવી અભ્યર્થના વ્યકત કરી.

મીટીંગના અંતે મા.ડે.મેયરશ્રી કિશોરભાઈ કાનાણી તરફથી પ્રતિ વર્ષે યોજવામાં આવતી મીટીંગ **Recharge** રૂપ હોવાનું જણાવી હાજર રહેલા સર્વેનો આભાર વ્યકત કરવામાં આવ્યો.

**TOP**

## સરકાર માન્ય રોજગારલક્ષી સેનીટરી ઈન્સ્પેકટર ડિપ્લોમા કોર્સમાં પ્રવેશ મેળવો

ઓલ ઈન્ડિયા ઈન્સ્ટીટયુટ ઓફ લોકલ સેલ્ફ ગર્વમેન્ટના સુરત કેન્દ્ર તરફથી ચાલુ વર્ષે મે–૨૦૧૦ થી સેનીટરી ઈન્સ્પેકટર ડિપ્લોમાનો કોર્સ શરૂ થાય છે. જેમાં ધોરણ ૧૦ મું અંગ્રેજી વિષય સાથે પાસ/નોન સાયન્સ અંડર ગ્રેજયુએટસ માટે ૧૮ મહિના તથા ૧૨ સાયન્સ પાસ/સાયન્સ અંડર ગ્રેજયુએટસ /ગ્રેજયુએટસ કોઈ પણ સ્ટ્રીમના /એન્જીનિયરીંગ ડિપ્લોમાં ધારકો માટે એક વર્ષનો છે.

કોર્સ પાસ કર્યા બાદ રાજયોના પબ્લિક હેલ્થ ડિપાર્ટમેન્ટસ, ડિરેકટર ઑફ હેલ્થ સર્વિસીસ, મહાનગર સેવાસદન નગર સેવા સદન, જીલ્લા પરિષદો, રેલ્વે, પોર્ટ, ડીફેન્સ એસ્ટાબ્લિશમેન્ટ, એર પોર્ટસ, સ્ટાર હોટેલ્સ, હોસ્પિટાલિટી ઉદ્યોગ વિગેરે ક્ષેત્રો માટે નોકરીની ઉત્તમ તક.

સેનીટરી ઈન્સ્પેકટરર્સ ડિપ્લોમા કોર્સમાં પ્રવેશ મેળવવા માટે સંસ્થાના કાર્યાલય નગર પ્રાથમિક શાળા ક્રમાંક –૭૮, બીજોમાળ, ગલેમંડી, મંછરપુરા, કોલસાવાડ, સુરત ખાતેથી આપવાનું શરૂ કરવામાં આવેલ છે. જે અંગેના પ્રોસ્પેકટ ફોર્મ તા. ૦૮–૦૬–૧૦ સુધી સવારે ૧૧–૦૦ થી બપોરે ૦૩–૦૦ કલાક દરમ્યાન રૂા. ૨૦૦/– રોકડેથી જાહેર તહેવાર અને રજાનાં દિવસો સિવાય મેળવી શકાશે. અન્ય માહિતી સંસ્થા પરથી મળશે.

TOP